Coverage Report: TCS IT Wiz – Ahmedabad Edition

**Publication:** Divya Bhaskar
**Date:** 27/07/2014
**Edition:** Ahmedabad
**Page No:** 2
**Headline:** TCS IT WIZ 2014 begins

# ટીસીએસ આઈટી વિઝ-2014નો પ્રારંભ

સિટી રિપોર્ટર ▸ અમદાવાદ

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ દ્વારા 'ટીસીએસ આઈટી વિઝ 2014'ની અમદાવાદ એડિશનનું 5મી ઓગસ્ટનાં રોજ રવીન્દ્રનાથ ટાગોર હોલ, પાલડી ખાતે આયોજન કરાયું છે. ધોરણ 8થી 12નાં વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં પાર્ટિસિપેટ કરી શકશે. જેમાં કોઈ જ એન્ટ્રી ફી રાખવામાં આવી નથી. દરેક ઈન્સ્ટિટ્યુટ્સ બે મેમ્બરની મલ્ટીપલ ટીમની એન્ટ્રી આ સ્પર્ધામાં મોકલી શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે એન્ટ્રીઝ જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા 3જી ઓગસ્ટ પહેલાં ટીસીએસ આઈટી વિઝનાં કો-ઓર્ડિનેટર અંશુલ મહેતાને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ઈન્ફોટાવર આઈ, ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ, ગાંધીનગર ખાતે મોકલી આપવી અથવા ઓનલાઈન www.tcsitwiz.com પર રજિસ્ટર કરાવી દેવું.

Coverage Report: TCS IT Wiz – Ahmedabad Edition

**Publication:** Divya Bhaskar
**Date:** 06/08/2014
**Edition:** Ahmedabad
**Page No:** 2
**Headline:** DPS Bopal wins TCS IT WIZ

# આઈટી ક્વિઝમાં ડીપીએસે બાજી મારી

## વિજેતા અભય વેંકટેશ અને અંશુલ રોય હવે મુંબઈ ખાતે યોજાનારી ફાઈનલમાં ભાગ લેવા જશે.

IT WIZ COMPITION

સિટી રિપોર્ટર ▸ અમદાવાદ

શહેરના ટાગોર હોલમાં ટીસીએસ આઈટી વિઝ-2014 કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયાની સૌથી મોટી ઈન્ટર સ્કૂલ આઈટી ક્વિઝ ઈવેન્ટમાં અમદાવાદ સહિત ગુજરાતના 950 સ્ટુડન્ટસે ભાગ લીધો હતો. મંગળવારે રિજનલ ફાઈનલમાં 6 સ્કૂલ્સ (6 ટીમ)માંથી ડીપીએસ બોપલ સ્કૂલની ટીમના અભય વેંકટેશ અને અન્શુલ રોય ફર્સ્ટ વિનરઅપ બન્યા હતાં. અન્ય ટીમોમાં સંત કબિર-અમદાવાદ, સંત કબિર-વડોદરા, આનંદ વિદ્યાવિહાર-વડોદરા, ડીપીએસ-વડોદરા અને નવરચના સ્કૂલ-વડોદરાનો સમાવેશ થાય છે. આ ક્વિઝમાં ભાગ લેનાર ટીમ આઈટી અંગે કેટલું નોલેજ ધરાવે છે તેની કસોટી થતી હતી. ક્વિઝ માસ્ટર ગિરિ પિક બ્રેને કહ્યું કે, ક્વિઝમાં માત્ર છ ટીમો જ નહીં પણ મોબાઈલ પર ટ્વિટ કરીને 3225 સ્ટુડન્ટસે આઈટી સ્કિલનું પ્રદર્શન કર્યું હતું.



### ક્વિઝમાં કેવા સવાલ રહ્યાં?

**સવાલ :** યુકેની કંપનીએ તૈયાર કરેલું સોફ્ટવેર જેનાથી 53 લોકેશન પર એક જ સમયે એક જ વ્યક્તિ જે બોલે તે દેખાય તે કઈ રીતે?

**જવાબ :** હોલોગ્રામ ટેકનિક, સીએમ નરેન્દ્ર મોદી

**સવાલ :** ટીસીએસએ એક સોફ્ટવેર બનાવ્યું છે જેનાથી વ્હિકલ્સનું લોકેશન ખબર પડે છે. તે શું છે?

**જવાબ :** ટ્રક લોકેશન

### ફર્સ્ટ વિનર અપ





આ ક્વિઝમાંથી ઘણું શીખવા મળ્યું છે. તેનાથી સોફ્ટવેર બેઝ નોલેજ, ગેમીફિકેશન અને કેટલાક નવા ટેકનોલોજી કન્સેપ્ટથી નોલેજ પણ અપડેટ થાય છે. જો કે હવે અમારૂ લક્ષ્ય મુંબઈમાં યોજાનારી ફાઈનલ તરફ છે.

**વિજેતા ટીમ : અભય વેંકટેશ-અન્શુલ રોયધો.12 સ્ટુડન્ટ, ડીપીએસ બોપલ.**

### બાળકોના નોલેજમાં વધારો થશે

ટીસીએસ દેશના બાળકોને એન્કરેજ કરવા માગે છે. તેમનું નોલેજ વધે તે આ આઈટી ક્વિઝનો મુખ્ય હેતુ છે. અમદાવાદમાં આ સેકન્ડ ક્વિઝ હતી.અમદાવાદમાં ડીપીએસ બોપલની ટીમના અભય વેંકટેશ અને અન્શુલ રોય મુંબઈમાં યોજાનારી આઈટી ક્વિઝ ફાઈનલમાં ભાગ લેશે. **-હસિત કાઝી,**
વા.પ્રેસિડેન્ટ, ટીસીએસ